C.C.NO.:7591/25

**<u>આંક–૦૧ નીચે હુકમ.</u>**

**૧.** સદર કામનું રેકર્ડ ધ્યાને લેતા, કામ એ નોન–કોગ્નીઝેબલ છે જેમા સદર ફરીયાદ ફરીયાદીએ આરોપી ધ્વારા ઈ–ચલણના નાણા નહી ભરપાઈ કરતા અત્રેની કોર્ટમા દાખલ કરેલ છે. જેથી ફરીયાદ હકીકત તથા કાયદાકીય જોગવાઈ ધ્યાને લેતા, ફરીયાદ એ નોન–કોગ્નીઝેબલ ગુનાની છે. જેમાં ફરીયાદીએ આરોપીને સમન્સ –વોરંટની બજવણી કરવાની રહે છે.

**૨.** આમ, ઉપરોકત કામ એ નોન–કોગ્નીઝેબલ ફરીયાદ છે અને ફરીયાદીએ હાજર રહી કામ આગળ ચલાવવા કાર્યવાહી કરવાની હોય છે અને હાલના કામમાં અત્રેની અદાલત ધ્વારા આરોપી ઉપર સમન્સ ઈસ્યુ કરવામા આવતા,જે સમન્સ બીન બજે પરત ફરેલ છે.વધુમા ફરીયાદપક્ષ ધ્વારા આરોપીનુ નવુ સરનામુ રજુ કરી, સમન્સની બજવણી કરાવવા કોઈ પ્રયત્ન કરવામા આવેલ નથી.

**૩.** વધુમા, પી. રામચંદ રાવ વિ. કર્ણાટક રાજ્ય–૨૦૨૨(૨) જી.એલ.આર. પાના નં.૧૫૪૯ ઉપર પ્રસીધ્ધ થયેલ નામદાર સુપ્રિમકોર્ટના માનનીય સાત ન્યાયાધિશોની બેંચે ઠરાવેલ છે કે, "The Criminal Courts should exercise their available powers, such as those under Section 309, 311, 258, of the code of Criminal Procedure 1973 to effectuate the right to speedy trial" આ ઉપરાંત આપણી નામદાર હાઈકોર્ટના પત્ર નં.૨૯૧૭/૨૦૦૬, તા.૧૭/૧૦/૨૦૦૬ માં નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા નીચલી અદાલતોને એવી સુચના આપવામાં આવેલ છે કે, આરોપીઓને અદાલત સમક્ષ હાજર રખાવવા બાબતે અદાલતો પોલીસતંત્રને મર્યાદિત તકો આપી યોગ્ય કિસ્સાઓ માં સી.આર.પી.સીની કલમ: ૨૫૮ અન્વ્યે મળેલ સત્તાઓનો ઉપયોગ કરે. આમ, કાયદાની ઉપરોકત પરિસ્થિતિના પ્રકાશમાં હાલના કેસના સંજોગો જોતા, પોલીસતંત્ર આરોપીને અદાલત સમક્ષ હાજર રખાવવામાં નિષ્ફળ નિવડેલ છે, જેથી હવે પોલીસતંત્રને વધુ સમય આપવો ઉચિત જણાતું નથી. આ સંજોગોમા નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: હુ ક મ ::**

**૧.** કેસની ઈન્સાફી કાર્યવાહી ફોજદારી કાર્યરીતી સંહીતાની,૧૯૭૩ ની કલમ:૨૫૮ અન્વયે બંધ કરવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

**૨.** ભવિષ્યમાં આરોપી મળી આવે અથવા સામેથી હાજર થાય તો સદરહુ કેસની કાર્યવાહી ફોજદારી કાર્યરીતી સંહીતાની,૧૯૭૩ ની કલમ:૩૦૦(૫) મુજબ શરુ કરવાના ફરીયાદપક્ષના હકકને આ હુકમથી કોઈ બાદ રહેશે નહી અને તેવા કિસ્સામાં આ કોર્ટ કાર્યવાહી શરુ કરવાની પરવાનગી આપેલ છે તેમ ગણાશે.

**૩.** વધુમાં, સદર આરોપી ભવિષ્યમાં મળી આવ્યેથી ફરીયાદપક્ષ આરોપી પાસેથી કાયદા મુજબનો દંડ વસુલ કરી શકશે.

હુકમ આજરોજ તારીખ: ૮મી માહે માર્ચ સને ૨૦૨૫ ના રોજ સ્પેશ્યલ સીટીંગમા જાહેર કર્યો.

તારીખ:૦૮/૦૩/૨૦૨૫.
અમદાવાદ.

**(ડો. રાકેશ પરિયાની)**
૪૧મા એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,
અમદાવાદ શહેર.
જજકોડ જીજે.૦૧૨૫૨